# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

'વિધાનસભા' ધનિકો સિવાય કોઇનું ધામ નથી,
દાદા, ભાઇ, ગુંડાઓ સિવાય કોઇનું નામ નથી,
દામ નથી કોઇનું બે ટકાય ચૌટે લિલામીમાં -
કરોડપતિ સિવાય હવે કોઇનું કામ નથી!
(કરોડપતિ ઉમેદવારો)

**હાઇકુ**

અતૃપ્ત આત્મા,
ફરે છે સાપ બની,
મંત્રી નિવાસે..
(ચૂંટણી ટાણે તો ખાસ!)

છે ધક્કામૂક્કી,
'સેવા'ની પડાપડી -
'સત્તા' સેવકો..
(બળવાખોર - અપક્ષો)

## ચિંતન

કિં ક્રૂરં સ્ત્રી હૃદયં કિ ગૃહિણઃ પ્રિય હિતાય દારગુણાઃ ।
કઃ કામઃ સંકલ્પઃ કિં દુષ્કર સાધનં પ્રજ્ઞા ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક પ્રશ્નોત્તરી સ્વરૂપે છે :

પ્ર - આ જગતમાં સૌથી ક્રૂર શું છે?
ઉ - સ્ત્રીનું હૃદય.
પ્ર - ગૃહસ્થ-સંસારીજનને સૌથી પ્રિય અને હિતકર સાથે આનંદ-દાયક શું છે?
ઉ - પોતાની પ્રિય પત્નીના સદ્ગુણો.
પ્ર - કામ-કામના-ઉત્કટ ઇચ્છા કોને ગણી શકાય?
ઉ - મનમાં નિશ્ચયપૂર્વક જાગેલા સંકલ્પને.
પ્ર - ખૂબ પ્રયત્ન પછી, મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે એવું સાધન કયું?
ઉ - સાચી બુધ્ધિ-સત્ય-નિષ્ઠાપૂર્વકની નિર્ણયશક્તિ.

સ્ત્રી જેટલી કોમળ-નાજૂક દેખાય છે એટલું જ કઠોર-સખત એનું હૃદય હોય છે. દુઃખ-આપત્તિ, આઘાત- એ પુરૂષ કરતાં પણ વિશેષ સહન કરી શકે અને એ ધારે એ વજથી પણ વધારે કઠોરતા સાથે આઘાત આપનારી પણ થઇ શકે છે.

સ્ત્રી (પત્ની) જો સદ્ગુણી-અનુકૂલન સાધનારી-સહનશીલ અને વિનય-વિવેક સાથે પ્રેમાળ હોય તો પતિને 'સ્વર્ગ' સંપન્ન થયું હોય એમ લાગે છે.

નિશ્ચિત 'સંકલ્પ' પર મક્કમ રહેવાથી જ જિંદગી નિયમિત-જીવન જીવવા લાયક આનંદમાં ઉત્સાહિત રહે છે. પૈસાથી બધુ મળે પણ પ્રેમ અને બુધ્ધિ મળતાં નથી.

## સુવિચાર

- જો તમારી પાસે થોડોક પણ વિશ્વાસ હોય તો મને થોડો પ્રસાદ સ્વરૂપે આપો, પણ તમારાં શંકા સંદેહ તો તમારી પાસે જ રહેવા દો - કારણ કે એ તો મારી પાસે પણ વિપુલ પ્રમાણમાં મોજુદ છે **- ગેટે**
- જે દરવાજેથી શંકા-અવિશ્વાસ-વહેમ અંદર આવે છે એ દરવાજેથી શ્રધ્ધા-વિશ્વાસ-પ્રેમ બહાર નીકળી જાય છે **- યુંગ**
- જયારે ચોતરફ, અંધકાર, નિરાશા, અને હતાશાનું આવરણ આવી જાય ત્યારે આપણો દૃઢ વિશ્વાસ જ આપણને આગળ વધવાની પ્રેરણા આપે છે **- સ્વેટ માર્ડન**
- આપણે મૂર્ખ ઠરીએ એટલો અંધવિશ્વાસ કોઇનો પણ કરવો નહીં **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણે શ્રધ્ધા અને વિશ્વાસના આધારે ડગ ભરીએ છીએ દૃષ્ટિના આધારે નહીં **- બાઇબલ**
- શ્રધ્ધા અને વિશ્વાસ જ જીવનની પ્રેરકશક્તિ છે **- ટોલ્સટોય**
- સ્ત્રી અને ઇશ્વર પરથી વિશ્વાસ ઉઠી જાય એ ક્ષણ પુરૂષ માટે ખૂબ જ દુઃખદ ઘટના છે **- એલેકઝાંડર સ્મિથ**

## બોધ કથા

ટીવી, ફિલ્મો, ખરાબ સંગત, વિષય-વાસનાની વાતો, દુર્જનોની સંગત-વ્યસન અને વાતાવરણની અસર માનસપટ પર પડે છે. આજના બાળકો આ બધી બાબતોથી દૂર રહેતાં નથી અને વાલીઓ એમાં 'છોકરૂં' પ્રવૃત્ત રહે તો પોતાનો મોકળાશ મળે છે એમ માની એ તરફ દુર્લક્ષ સેવે છે પરિણામે 'સમાજ જીવન' પર બૂરી અસર પડે છે. આજની યુવાન પેઢી પર ગુંડા-ગીર્દીની અસર એટલે જ વધારે છે.

રાજા પાસે એક પરાક્રમી હાથી હતો. એનું બળ-કૌશલ્યથી જ રાજા લડાઇ જીતી ગયો.

એકવાર યુધ્ધ થયું. રાજાએ હાથી મંગાવ્યો. હાથી કેમે કરી લડવા તૈયાર થયો જ નહીં. 'રણમેદાન' તરફ જતો નો'તો. રાજાએ રાજગુરૂને બોલાવ્યા, કારણ પૂછ્યું - રાજગુરૂએ પૂછ્યું - છેલ્લા ત્રણ માસ 'શાંતિ' હતી, ત્યારે હાથીને કયાં બાંધ્યો હતો?

તપાસ થઇ - જવાબ મળ્યો, સાધુ ભગવંતોના અપાસરાના મેદાનમાં બાંધ્યો હતો. રાજગુરૂ કહે, હવે પંદર દિવસ આપણા સૈનિકો જે યુધ્ધની પ્રેકટીસ કરે છે ત્યાં બાંધી રાખો.

હાથીને હથિયારના અવાજો અને બૂમબરાડાની અસર થઇ - લડવા તૈયાર થઇ ગયો.

# કસાબને ગુપચુપ મારી નાખીને ચૂંટણી સમયે વૉટ બેંકની રાજનીતિ મરતાં નેતાઓએ અફઝલ ગુરૂને ૨૦૧૪ની ચૂંટણી માટે બાકી રાખ્યો લાગે છે...

**વિચાર યાત્રા**
**- જય ઓઝા**

ચાલો 'કસાબ-નામા'ની ડાયરી આખરે બંધ થઇ, ચાર-ચાર વર્ષથી જે નરાધમ ભારતીયોની હૈયા ઉકળતી આગ પર બિરયાની પકવીને ખાતો હતો, તે દોજખમાં ગયો... હા! એ વાત અલગ છે કે - ટેરેરીસ્ટ ટ્રેનિંગ વખતે તો ISI દ્વારા તેમનાં આકાઓ દ્વારા એવું જ સમજાવવામાં આવતું હોય છે કે 'કાફીરો કો માર કર મરોગે તો જન્નત - નશીબ હોંગે.'

ANYWAY કસાબ જયા ગયો હોય ત્યાં પરંતુ ભારતમાંથી તો તેના રોટલા પુરા થયા...

જરા આપણી યાદ શક્તિને રિવાઇન્ડ મોડ પર લઇ જઇએ... આપણા ખાદીધારી નેતાઓના તે સમયના સ્ટેટમેન્ટ તરફ નજર કરીએ... ગૃહમંત્રી ચિદમ્બરમે દયામણું મુખ કરીને કહ્યું હતું કે 'આમાં તો શું થઇ શકે!' નો ખરોખરો કર્યો હતો...

પાટલીકુંવર રાહુલ ગાંધીએ કહ્યું હતું, 'માત્ર ૧ % કેસમાં જ ત્રાસવાદી સફળ થાય છે, અને બાકીના ૯૯ % માં ઇન્ટેલિજન્સ તેમને રોકવામાં સફળ થાય છે - અને ટેરરીસ્ટ એટેક તો આખી દુનિયામાં થાય છે, માટે આપણે ટેવાઇ જવું જોઇએ...'

૧૦, જનપથમાં હજી સુધી એક સુતળી બોમ્બ પણ ફુટ્યો નથી માટે આવું નિવેદન કરી શકાય છે.

પત્રકાર એમ. જે. અકબરે આ સ્ટેટમેન્ટનો ઉઘડો લેતા પૂછ્યું હતું કે, ૯૯ % ત્રાસવાદી ઘટના રોકવાના બણગાં ફૂકતાં તમે એકાદ ટકા કેસ તો બતાવો! કે જેમાં તમે ત્રાસવાદી ઘટના રોકી હોય!

દાઉદ ઈબ્રાહીમને વર્ષોથી આપણે પકડી શક્યા નથી... પરંતુ સમયે તેના ઇન્ટરવ્યુ આપણે વાંચતા રહીએ છીએ...

### અજમલ કસાબથી માંડીને અફઝલ સુધી.... આગે કયા હોગા રામા રે...

કોઇ પણ વી.આઇ.પી.ની સુરક્ષા સ્વખર્ચે નથી. બધા નેતા પ્રજાના પૈસે સલામત છે... તો શું માત્ર પ્રજાને જ સુરક્ષિત રહેવાનો અધિકાર નથી? દિલ્હીમાં બ્લાસ્ટ થાય અને ત્યારે ખબર પડે કે ત્યાનાં મેટલ ડિટેક્ટર કામ નથી કરતા... સીસી ટીવી કેમેરાની ખરીદી માટે હજી ટેન્ડર નથી ખૂલ્યા... લાગતા વળગતાઓને એ ટેન્ડર મળે તે માટેની વ્યવસ્થા ગોઠવાયા પછી ખરીદી થશે.



ભ્રષ્ટાચારની જેમ ત્રાસવાદને પણ કોઇ ધર્મ નથી. વી.વી.આઇ.પી. ન હોય તેવા દરેક ભારતીયને આ નડે છે. અને ખરેખર શાંતિપ્રિય, સમજદાર, દેશપ્રેમી લઘુમતિને વધુ નડે છે!

૧૪ વર્ષ સુધી ઇન્ડિયન આર્મીમાં રહેલા ભૂતપૂર્વ મેજર મારૂફ રઝા પણ Times Now માં અર્નબ ગોસ્વામી સાથે મળીને વર્ષોથી કાઉન્ટર ટેરરીઝમનો પ્લાન કેટલાય દાખલાઓ સાથે સમજાવતા હોય છે... આમ સેક્યુલારીઝમ કયાં આવ્યું?

નાઇન/ઇલેવનની ઘટના બાદ આજે ૧૧ વર્ષની સમાપ્તિ પછી હમણાં લાદેનને પણ ઓટાબાબાદથી પકડી લઇને મૃત્યુને ઘાટ ઉતારી દીધો છે... પણ છેલ્લા ૧૧ વર્ષથી ત્યાં આવી કોઇ ગોઝારી ઘટના રિપીટ નથી થઇ. કોઇ સૂતળી બોમ્બ પણ ફૂટ્યો નથી...

મતલબ કે ટેરરિઝમ પ્રુફ ન થઇ શકો તોય સોફ્ટ શરણાગતિ સ્વીકારવાની જરૂર નથી. ડર દેખાડતા રહેવું જરૂરી છે.

આવું જ ચીનનું પણ છે, જયાં ત્રાસવાદનો પગપેસારો નથી. ત્રાસવાદને નાથી ન શકો, પરંતુ ઇચ્છાશક્તિ તો બતાવી શકાય ને?

અમેરિકાએ આમ જકર્યું છે... પહેલું કામ તો પ્રેસિડેન્ટે લાચારી અને લાબા ચાવવાના બદલે ધમકીની ભાષામાં ભાષણ આપવાનું શરૂ કર્યું. અને મંદીનો માર સહન કરીને પણ અફઘાનિસ્તાન પર આક્રમણ કરી દીધું.

ભૂલી જવાની બદલે લાદેનને યાદ રાખીને દસ વર્ષેય ઘરમાં ઘૂસીને માર્યો.

વળી બીજું કામ ત્યાં એ થયું કે તેમને સજ્જડ પેટ્રિયાટ એક્ટ દાખલ કરવાનું કર્યું. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીઝના નામે અલગ અલગ વિભાગ ઊભો કર્યો... માનવ અધિકારની ઐસીતૈસી કરીને તમામ ફાઇનાન્સિયલ ટ્રાન્ઝેક્શન્સ, ઇમેઇલ, ઓનલાઇન રેકોર્ડ્ઝને દેખરેખ નીચે લેવામાં આવ્યા...

અહીંયા બે ત્રાસવાદીઓ મારનારા પોલીસ અફસરો પર કેસ ચાલે છે!

ત્યાં તત્કાળ ધરપકડ, સખ્ત સજાનો ત્વરિત અમલ અને જરૂર પડ્યે દેશનિકાલ જેવા હાથાઓનો ઉપયોગ કરીને પણ શાંતિ જાળવવાનો પ્રયત્ન કર્યો... આવું જોઇને બ્રિટને પણ ટેરરિઝમ વિરૂધ્ધ પોતાનો અલગ વિભાગ ઊભો કર્યો છે... જેમાં કહેવાતા માનવ અધિકારની વાતોનું પડીકું વાળીને ફેંકી દીધું છે...

જયારે આપણે ત્યાં પોટા રદ્દ થયો છે...

ગુજકોક જેવા કાયદા બનાવવાનો રાજ્યોનો બંધારણીય અધિકાર હોવા છતાં, તેમાં હવનમાં હાડકાં નાખી ને શાસન સાબિત કરે છે કે તે પોલીસને બદલે ગુનેગારની તરફેણમાં છે...

સવાલ માત્ર અભિગમ દાખવવાનો છે. દેશની સલામતી માટે માનવીય કલામ સાહેબ કે શાહરૂખખાનને પણ તેઓ છોડતા નથી. તેમનું મનોબળ જ કહી દે છે કે - જે થાય તે ત્રાસવાદ સામે તૂટી પડવું છે.

ભારતમાં ફેલાયેલો ત્રાસવાદ પાકિસ્તાન પ્રેરિત છે - તેવી બાલમંદિરના બાળકને પણ ખબર છે, એવી વાહિયાત વાતો બંધ કરીને નક્કર પગલાં લઇએ...

કસાબને ગુપચુપ મારી નાખીને ચૂંટણી સમયે વોટ બેંકની રાજનીતિ મરતાં નેતાઓએ અફઝલ ગુરૂને ૨૦૧૪ની ચૂંટણી માટે બાકી રાખ્યો લાગે છે...

અત્યાર સુધી બાંગ્લાદેશી ઘૂસણખોરોનો વોટ બેંક માટે ઉપયોગ કરાતો હતો... હવે આતંકવાદીઓનો પણ ઇલેકશન પ્રોપેકેન્ડા માટે ઉપયોગ થાય એ તો... નીચે ઉતરવાની પરાકાષ્ટા છે...

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૭મી નવેમ્બર**

- માવળંકરદાદાના હેતાળ નામથી પ્રતિષ્ઠિત, રાષ્ટ્રમુક્તિ સંગ્રામમાં ભાગ લેનારા શ્રી ગણેશ વાસુદેવ માવળંકરનો જન્મ ૨૭-૧૧-૧૮૮૮.

આઝાદ ભારતની પ્રથમ સંસદનાં પ્રથમ અધ્યક્ષ. ૧૯૫૨-૫૬ લોકસભાના અધ્યક્ષ, અમદાવાદની કેળવણી વિષયક, સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમનો સિંહફાળો, આદર્શ અધ્યક્ષ તરીકે નામના.



- કરાટે, કુંગ-ફૂના મોજા ઉછાળનારા માર્શલ આર્ટ્સમાં અપરાજિત યોધ્ધા બ્રુસલીની જન્મજયંતિ.

અભિનેતા તરીકે, ચીની યુધ્ધ કલાની પધ્ધતિને વિશ્વભરમાં પહોંચાડનારા બ્રુસલીનો જન્મદિન.




- હિન્દી સાહિત્યના છાયાવાદી સાહિત્યકાર, મધુશાલી કાવ્યસંગ્રહ સહિત ઉમદા કાવ્યકૃતિઓ આપનારા વિવેચન-આત્મકથાના લેખક મહાનાયક અમિતાભ બચ્ચનના પિતા હરિવંશરાય બચ્ચનની જન્મજયંતિ.



- છ અક્ષરનું નામ ધરાવતાં ગુજરાતી ગીત કવિતામાં અનોખું કાઠું કાઠનારા રમેશ પારેખ અને જાણીતા બંગાળી કવિ જતીન્દ્ર મોહન બાગ્ગીનો જન્મજયંતિ.
- કક્કો, બારાખડી, સોમવારની સવારેના કોલમ લેખક, લીમ્કા બુક ઓફ રેકર્ડઝમાં નોંધ લેવાઇ, તેવા હાસ્યલેખક, બકુલ ત્રિપાઠીની જન્મજયંતિ.

ગોવિંદે માંડી ગોઠડી, મન સાથે મૈત્રી, શેક્સપિયરનું શ્રાધ્ધ, જાણીતા ઉત્તમ સર્જનો.

- વિવેચન સંપાદક રમેશચંદ્ર શુક્લનો જન્મ.



- પૂર્વ વડાપ્રધાન વી.પી. સિંહની પુણ્યતિથિ.
- ૧૯૭૧માં માનવ રહિત અવકાશયાન માર્સ-૨ને મંગળ ગ્રહની આસપાસ પરિભ્રમણમાં મૂક્યું.
- નવલકથાકાર ભોગીન્દ્રરાવ દિવેટીયાની પુણ્યતિથિ.

# વિદ્યાર્થીઓને સુંદર કાઉન્સેલીંગ તથા માર્ગદર્શન આપવું એવી ઉમદા નેમ ધરાવનારા સર્જનાત્મક યુવાનને અભિનંદન, શુભેચ્છાઓ, હજુ તેઓ સફળતાની શૃંગ સુધી ગતિ કરે તેવી અભિલાષા

**મોંઘેરા મોતી**
**- નટવર આહલપરા**

ચટ્ટાન સાથે ટકરાય તેને તોફાન કહેવાય છે,
તોફાન સાથે ટકરાય તેને યુવાન કહેવાય છે.

માતા-પિતાના વારસાનું જતન કરવું અને તેમાં પ્રગતિના ચારચાંદ લગાડવા એ તો ઈશ્વરની અનન્ય કૃપા જ ગણાવી શકાય. આવી કૃપા જેમને મળી છે. એ યુવાનનું નામ છે : જતીનભાઈ ગિજુભાઈ ભરાડ. તા. ૨૮-૬-૧૯૬૪માં મુંબઈમાં જન્મેલા આ યુવાનને માતા ચંપાબહેન પાસેથી અમુલ્ય પાઠ મળ્યા છે. ગોલીડા હડમતિયાના મૂળ વતની જતિનભાઈ પિતાના પગલે ગણિત વિષય સાથે એમ.એસ.સી.ની ઉપાધિ મેળવી છે. રાજકોટમાં શ્રી ભરાડ વિદ્યામંદિર તથા ભરાડ વિશ્વવિદ્યાપીઠના યુનિટોનું સફળતા પૂર્વક નેતૃત્વ કરતાં જતિનભાઈએ ૧૯૮૮માં રાજકોટમાં એમ.એસ.સી, બી.એડ્., થયેલા ધર્મપત્ની શોભાબહેન સાથે ગૃહસ્થાશ્રમના પગરણ માંડ્યા હતાં અને બે પુત્રો પ્રિયાંક અને રોનકનું આગમન થયું.

નિવાસી શાળા તથા મહાશાળાનું ઉચ્ચસ્તરીય શિક્ષણ આપનારી ભરાડ વિશ્વ વિદ્યાપીઠના એકલે હાથે પાર પાડેલા પિતાના સ્વપ્નાને સાકાર સફળ થયેલા જોઈ જતિનભાઈ માતૃ સંસ્થાઓની વધુ માવજત કરી રહ્યાં છે. ગિજુભાઇ અખંડ સ્વાધ્યાયી છે, તો તેમના પુત્ર જતિનભાઈ પણ ખંતિલા અને પરિશ્રમી છે, વિદ્યાર્થી વત્સલ છે, તેઓ કમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા કહે છે કે, છેલ્લી શતાબ્દીની સામાન્ય વ્યક્તિને ઉપયોગી હોય તેવી સર્વશ્રેષ્ઠ ગણાવી શકાય. વાંચન માટે સમય બચતો નથી. પણ જતિનભાઈ ટીવી., સિરિયલ કોન બનેગા કરોડપતિ જયારે જયારે પ્રસારિત થાય ત્યારે જોઈ લે છે. બાધા, આખડી, માનતામાં ન માનનારા આ યુવાન ઉપવાસ, એકટાણાં કરતા નથી.

અહીં જ્ઞાનમાર્ગી કવિ અખાની પંક્તિઓ ટાંકવી ગમે છે...

વેશ-ટેક છે આડી ગલી,
પેઠે તે નવ શકે નિકળી.

બાહ્ય આડંબર, દંભી ધાર્મિક ક્રિયાઓ કરતાં વિદ્યાર્થી-વાલીની સેવાને સાચા ધાર્મિક પૂજા પાઠ ગણતા જતિનભાઈ દર વર્ષે બેવાર સ્વદેશમાં તે વિદેશમાં પ્રવાસમાં જવાનો ક્રમ અવશ્ય જાળવે છે. પોતાના વ્યવસાયની સાથોસાથ રાજકોટ રોટરી કલબ સાથે જોડાયેલા છે.

**પ્રખર શિક્ષણવિદ્ ગિજુભાઈના વારસાનું જતન કરતા સુપુત્ર જતિનભાઈ ભરાડ**



દરેક વ્યક્તિના જીવનમાં સુખદ, દુઃખદ અકસ્માતો સર્જાતા જ હોય છે. ૧૯૮૭માં જતિનભાઈનો ટ્રક સાથે અકસ્માત થયો હતો. પણ આબાદ રીતે ચમત્કારિક રીતે તેમનો બચાવ થયો હતો. ઈશ્વર, દેવ પર વિશ્વાસ રાખનારાં આ વ્યક્તિત્વને અંધશ્રદ્ધામાં જરાયપણ રસ ન હોય, તે સહજ બાબત છે. શિક્ષણ, સમજણ હોય ત્યાં પ્રતિષ્ઠા, પ્રદર્શન કે સામાજિક કુરૂઢિઓનું ખંડન કરવાનું રહેતું જ નથી. જમણા હાથે સત્કાર્યો કરીએ તો ડાબા હાથને ખબર ન પડે. પછી તેની વિગત આપવાની જરૂર રહેતી નથી. શૈક્ષણિક સેવાઓનું લગભગ પૂરૂં થવા આવેલા આ અર્ધશતક આધુનિક સૌરાષ્ટ્રના શિક્ષણના ઈતિહાસને સોનેરી પ્રકરણ બની રહેશે. તેમ જતિનભાઈ માને છે અને તેમને માટે જીવનની એ જ ફલશ્રુતિ હશે. વિદ્યાર્થીઓને સુંદર કાઉન્સેલીંગ તથા માર્ગદર્શન આપવું એવી ઉમદા નેમ ધરાવનારા સર્જનાત્મક યુવાનને અભિનંદન, શુભેચ્છાઓ. હજુ તેઓ સફળતાની શૃંગ સુધી ગતિ કરે તેવી અભિલાષા.

તેમનો મો. નં. ૯૮૨૪૦૪૩૭૦૮ છે.

# TDS ની જોગવાઇઓનું પાલન ન કરો તો...

**નાણાંકીય માર્ગદર્શન**
**- અજીતસિંહ શેખાવત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**

કરદાતા પાસેથી આકારણી અગાઉ જ ખાતરી પૂર્વક રીતે વસૂલ કરવાના હેતૂસર આવકવેરાના કાયદા હેઠળ મૂળમાંથી આવકવેરા કાપવાની અર્થાત્ ટેક્ષ ડીડકટેડ એટ સોર્સ (Tax Deducted At Source) અંગેની જોગવાઇઓ કરવામાં આવી છે. ટૂંકમાં આને TDS તરીકે સંબોધવામાં આવે છે.

TDS ની જોગવાઇઓ અનુસાર નિયમ ચુકવણી કરતી વખતે આવી ચુકવણીની રમકમાંથી TDS કાપવા માટે જવાબદાર કરદાતાઓએ TAX ની રકમ કાપ્યા પછી તેના નિયમ સમયમાં ચલણ દ્વારા બેંકમાં જમા કરાવાનો હોય છે. આ ઉપરાંત TDS ની કપાત થયા પછી નિયત કરવામાં આવેલા ફોર્મમાં TDS ના રીર્ટન ભરવા પણ જરૂરી છે. આ સંબંધી જોગવાઇઓનો ગણા કરદાતાઓ નિયમ સમયે પાલન કરી શકતા નથી અને તેના કારણે તેઓને TDS સંબંધીત નોટીસો ઇસ્યુ થતી હોય છે, જે તેઓને વધુ મુશ્કેલીમાં મુકે છે. આ જવાબદારી યોગ્ય અને સમયસર અદા કરવામાં ના આવે તો તે માટે કરદાતા કલમ ૨૭૨ (એ) હેઠળ દંડને પાત્ર બને છે. TDS સંબંધી જોગવાઇઓનું સમયસર પાલન ન થાય તેવી સ્થિતિમાં કરદાતાએ કયા પ્રકારના નુકશાન ભોગવવા પડે છે તેની સમજૂતી આપણે લઇ લઇશું.

- કલમ૪૦ (એ)ની જોગવાઇઓ અનુસાર નિયમ સંજોગોમાં TDS કાપ્યા સિવાય ચુકવવામાં આવેલી રકમો, કરદાતાને ધંધા વ્યવસાયની આવકની ગણતરી માટે ખર્ચ તરીકે મજરે મળતી નથી. અને કરદાતા પર વધારાનો કર બોજો આવે છે.
- કલમ ૨૦૧ (૧) હેઠળ જો કોઇ વ્યક્તિ TDS કાપવા માટે જવાબદાર હોય અને કોઇ પણ કારણોસર TDS કાપવામાં કે TDS જમા કરાવવામાં ડિફોલ્ટ કરેલ હોય તો તેની સામે આવકવેરા વિભાગ દ્વારા ડિમાન્ડ નોટીસ નીકળી શકે છે.
- TDS કે TCS ની યોગ્ય રકમ સમયસર ભરવામાં આવી ન હોય તો વારા વેરાની વિલંબિત ચુકવણી ઉપર વાર્ષિક ૧૨ % (માસિક ૧%) ના સાદા વ્યાજના દરે ભરવાપાત્ર વ્યાજની જવાબદારી અદા કરીને જ, સંબંધિત ત્રિમાસિક રીટર્ન ભરવાનાં રહેશે.



- TDS ની કપાત કરાયા બાદ તેને સરકારી તિજોરીમાં જમા કરાવાનાં વિલંબ થયો હોય, તો તેવા કેસમાં કપાતની નિયત તારીખથી આવી રકમ ખરેખર જમા કરાવવામાં આવે, તે સમયગાળા માટે વાર્ષિક ૧૮ % (માસિક ૧.૫ %) ના દરે વ્યાજ ભરવાપાત્ર રહેશે.
- TDS કાપવા માટેની નિયમ સમય મર્યાદાથી TDS કાપ્યાના સમય સુધી કરદાતાએ ૧ % per month વ્યાજ ચુકવવું પડે છે અને TDS કાપ્યા પછી TDS જમા કરાવ્યા સુધીના સમયગાળા માટે ૧.૫ % per month વ્યાજ ચુકવવાનું થાય.
- TDS સંબંધિત ડિફોલ્ટ માટે વ્યાજ ઉપરાંત પેનલ્ટી પણ ભરવી પડે આ પેનલ્ટીની રકમ TDS ની કપાત જેટલી હોઇ શકે છે.
- Tax Deducation A/c No. ટાંકવા માટે જવાબદાર વ્યક્તિ દ્વારા જો ખોટો નંબર ટાંકવામાં આવે તો તે માટે રૂા. ૧૦૦૦૦/- ના દંડની જોગવાઇ કલમ ૨૭૨ બીબી હેઠળ કરવામાં આવે છે. પરંતુ જો ઉપરોક્ત જોગવાઇઓ ના સંદર્ભમાં જો કોઇ વ્યક્તિ તેના દ્વારા થયેલ ડિફોલ્ટ માટેનું વ્યાજબી કારણ રજૂ કરે તો તેવા કેસમાં દંડમાંથી મુક્તિ આપવાની પણ જોગવાઇ છે.
- TDS રીટર્ન સમયસર ન ભરવામાં આવ્યું હોય તો તે માટે જવાબદાર વ્યક્તિને દરરોજના રૂા. ૧૦૦/- ના દંડની જોગવાઇઓ આવકવેરા કાયદામાં છે.